# દાંતા પંથકમાં આદમખોર રીંછના એન્કાઉન્ટર મામલે વિવાદ


## મૃતક રીંછ સાથેની સેલ્ફીથી જીવદયા પ્રેમીઓમાં રોષ

દાંતા પંથકમાં આંતક મચાવનાર રીંછને ઝડપી લેવા વન વિભાગ અને પોલીસ તંત્રના સંયુક્ત ઉપક્રમે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ગતરોજ આદમખોર રીંછને ઠાર મારવામાં આવ્યું હતું. જે રીંછના કરાયેલા એન્કાઉન્ટરને મામલે ભારે વિવાદ સર્જાયો હોવાની રાવ ઉઠી છે. મૃતક રીંછ સાથેની સેલ્ફી વાયરલ થતા જીવદયાપ્રેમીઓમાં ભારે રોષની લાગણી ફેલાઈ જવા પામી હતી.

દાંતા તાલુકાના કાંસા ગામમાં નરભક્ષી રીંછે આંતક મચાવતા એક ફોરેસ્ટર સહિત ૩ લોકોના મોત નીપજ્યા હતા. ત્યારે કુંભકર્ણની ગાઢ નિદ્રામાં પોઢેલુ વન વિભાગ સફાળુ જાગ્યું હતું. અને પોલીસના સહકારથી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરાયુ હતું. જેમાં રીંછને ઠાર મારવામાં આવ્યું હતું. રીંછના એન્કાઉન્ટરના મામલે ભારે વિવાદો સર્જાયા હોવાની રાવ ઉઠી છે. જેમાં રીંછને જીવતું પકડવાને બદલે તેને મોતને ઘાટ ઉતારવામાં જલદબાજી કરાઈ હોવાની રાવ ઉઠી છે. વળી, મૃતક રીંછને મારીને જાણે વાઘ માર્યો હોય તેમ તેના પર બેસી સેલ્ફી પડાવવાનો વિવાદ ચગ્યો છે. મૃતક રીંછ સાથેની સેલ્ફીને લઈને જીવદયાપ્રેમીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જીવદયાપ્રેમીઓએ રીંછના એન્કાઉન્ટર સામે સવાલો ઉઠાવી સેલ્ફી પડાવનારા જવાબદારો સામે પગલાં ભરવાની માંગ કરતા રેસ્ક્યુમાં જોતરાયેલા વન વિભાગ અને પોલીસ વિભાગના કર્મચારીઓ ની મુશ્કેલીઓમાં વધારો થાય તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે.

### પંચનામું કરવા પોલીસ ટીમ રવાના

આદમખોર રીંછના એન્કાઉન્ટર મામલે ઘટના સ્થલે જઈ વનવિભાગ ની હાજરીમા પંચનામું કરવા પોલિસ ટિમ રવાના થઈ હોવાના અહેવાલ સાંપડ્યા છે. જે પંચનામાંમાં કેટલા રાઉન્ડ ફાયરિંગ કરી રીંછ ને ઠાર મરાયું તેનો અંદાજ આવશે. સેલ્ફી અને રીંછ ને ઠાર મારવાને મામલે પોલીસ અને વન કર્મીઓની મુશ્કેલીમા પણ વધારો થઈ શકે છે. કાંસા ડુંગર પર અન્ય રીંછની આશંકાએ હથિયારો સાથે સજ્જ થઈ પોલીસ પંચનામું કરશે. જોકે, રીંછને જીવતું પકડવાને બદલે તેનું એન્કાઉન્ટર કરવામાં વધુ રસ દાખવાયો હોવાની ચર્ચા જાગી છે.



# ઊંઝામાં સીસીટીવી કેમેરા ન રાખતા વ્યાપારીઓ સામે કેસ

ઊંઝા, તા. ૧૭

ઊંઝા વિસ્તારમાં આવેલ હોટલોમાં સી.સી.ટીવી કેમેરા ન રાખવા તેમજ બસ સ્ટેશન પાસે નોપાર્કિંગ ઝોનમાં વાહનો ઉભા રાખી જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ પોલીસ દ્વારા ઈપીકો કલમ ૧૮૮ મુજબ ગુનાઓ નોંધી નામદાર અદાલતમાં ચાર્જસીટ દાખલ કરવામાં આવ્યા હતા.

જેમાં નામદાર ઊંઝા કોર્ટે જાહેરનામાના ભંગને લગતા કેસમાં સીઆરપીસીની કલમ-૧૯૫ની જોગવાઈઓનો બાદ આવતો હોય સદરહુ ગુન્હા અન્વયે આરોપી સામે ગુનાનું સંજ્ઞાન લેવામાં આવતુ નથી. તેવો હૂકમ કરેલ છે.

નામદાર કોર્ટના આ હૂકમ અંગે મદદનીશ સરકારી વકિલ વિજયભાઈ બારોટે જાહેરનામા ભંગને લગતા કેસોમાં હૂકમની કોપી મેળવીને આવા કેસોમાં નામદાર સેસન્શકોર્ટમાં રીવીઝન દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે.

# શ્યામનગરમાં મંદિર સહિત ચાર જગ્યાએ તાળા તુટ્યા

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મા તાલુકાના શ્યામનગર ખાતે ગુરૂવારે રાત્રીના સમયે મંદિર, બે દુકાન અને એક સભાખંડના તાળા તુટ્યા હતા. શ્યામનગર ખાતે વડાલી સત્તાવીસ સુથાર સમાજ સંચાલીત વિશ્વકર્મા ભગવાન, ચામુંડા માતાજી, શનિદેવના મંદિરમાં તથા બાજુમાં આવેલ સભાખંડ અને ટીફીન સેવા અને ફ્લોર ફેક્ટરીના તાળા તુટ્યા હતા.

ગુરૂવાર રાત્રીના વિશ્વકર્મા મંદિરના પૂજારી આરતી કરી મંદિર બંધ કરી ઘરે ગયા હતા અને શુક્રવાર સવારે મંદિરમાં આવતા ઝાળીના તાળા તુટેલા હતા અને અંદરનો દરવાજો પણ ખુલ્લો હતો અંદર જોતા ભગવાનના વસ્ત્રો ફેદી નાખેલ હતા અને દાનપેટી મંદિરમાં ન હોઈ પૂજારીને ચોરી થયાનુ જણાતા તેમને મંદિરના પ્રમુખને ફોન કરતા તેઓએ



આવી તપાસ કરતા મંદિર પાછળ રેલવે લાઈન ઉપર તુટેલી હાલતમાં દાનપેટી મળી આવી હતી. વધુ તપાસ કરતા બાજુમાં જ પરબ ટુવાડા ટ્રસ્ટ સંચાલીત સભાખંડના તાળા તોડી નાખેલ અને તમામ તાળા ચોર ઈસમો લઈ ગયા હતા. જેથી મંદિરના પ્રમુખ પરસોત્તમદાસ નાથાલાલ મિસ્ત્રીએ મંદિરના તાળા તોડી દાનપેટીમાના ૨ થી ૩ હજારની ચોરી કરવા અંગે પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી.

# પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનામાં સમગ્ર રાજ્યમાં બનાસકાંઠા જિલ્લો પ્રથમ

## મફત ગેસ કનેક્શન મેળવવામાં ૬૧,૪૪૧ જેટલા લાભાર્થીઓ સાથે સિદ્ધિ હાંસલ

બનાસકાંઠા, તા. ૧૭

ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલી પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અંતર્ગત મફત ગેસ કનેક્શન આપવામાં સમગ્ર રાજ્ય માં બનાસકાંઠા જિલ્લો



પ્રથમ ક્રમે આવ્યો છે. જેના ભાગ રૂપે જિલ્લામાં ૭૩૭૩૪ લાભાર્થીઓની અરજી આવી હતી. જેમાંથી ૬૧,૪૪૧ જેટલા લાભાર્થીઓને પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ જીલ્લા ની જુદી જુદી ગેસ એજન્સી દ્વારા મફત ગેસ વિતરીત કરવામાં આવ્યા છે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનામાં સરહદી બનાસકાંઠા જીલ્લો લાભાર્થીઓને મફત ગેસ કનેક્શન આપવમાં રાજયમાં પ્રથમ નંબર પર છે. આજે પાલનપુરમાં જીલ્લા સેવાસદન ખાતે જીલ્લા કલેકટર જેનું દેવન સહીત જિલ્લા પુરવઠા અધિકારી સાથે જિલ્લાના મફત ગેસ યોજના અંતર્ગત લાભાર્થીઓને ગેસ વિતરિત કર્યા હતા તેમજ આગામી સમયમાં અંદાજિત દોઢ લાખથી વધુ લોકો સુધી આ યોજના થકી રાંધણ ગેસ પહોંચાડવાનું લક્ષ નક્કી કરાયું છે.

### રાજયમાં તબીબોની જગ્યા સંપૂર્ણ ભરાશે

ગાંધીનગર, તા.૧૭

આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ રાજયના તમામ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓને વધુ સુદઢ બનાવવા તબીબોની જગ્યાઓ સંપૂર્ણ ભરાય તેવો અભિગમ રહ્યો છે. જુનાગઢ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની જગ્યાઓ સંદર્ભે ઉપસ્થિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજયમાં છેલ્લા એક વર્ષમાં ૧૬૩૭ તબીબોની ભરતી કરવામાં આવી છે. જુનાગઢ જિલ્લામાં ૨૦૧૫ના વર્ષમાં ૨૯ અને ૨૦૧૬ના વર્ષમાં ૨૯૫ તબીબોની ભરતી કરવામાં આવી છે.

# કાંકરેજ તાલુકાની ૨૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે

## કાંકરેજ તાલુકાની ૧૩ નવી વિભાજન થયેલ ચૂંટણીઓની જાહેરાતથી ઉમેદવારો અને મતદારોમાં અનેરો ઉત્સાહ

કાંકરેજ, તા. ૧૭

કાંકરેજ તાલુકાની ૨૬ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીનું જાહેરનામુ બહાર પડતાની સાથે જ ચૂંટણીના પડધમ શરૂ થઈ ગયા છે. જેમાં રાજકિય કાવાદાવા અને સામાજીક સાંઠગાંઠ વચ્ચે વધુમાં વધુ ગ્રામ પંચાયતો સમરસ થાય તેવા સંકેતો પહેલેથી જ ચાલી રહ્યા છે. જેમાં વિભાજીત થયેલ ગ્રા.પં. મોટા જામપુર, રાઠોડવાસ, રતનગઢ, વસ્તાસર, ભલગામ, સવપુરા, નાથપુરા, કાશીપુરા, ઉણ, ટેબી, ઠાકોરવાસ રામપુરા, રાજપુર, વિભાનેસડાનો નવી વિભાજન થયેલ ગ્રાં. પં.નો સમાવેશ થાય છે. જેમાં ૧૦૬ વોર્ડ સભ્યો અને ૧૩ સરપંચના ઉમેદવારો મેદાને ઉતરશે. સરપંચ ઉમેદવાર સામાન્ય સ્ત્રી-૭ અને બિન અનામત/સામાન્ય ૬ એમ કુલ ૧૩ સરપંચ ઉમેદવારનો સમાવેશ થાય છે. જ્યારે ૩૦-૬-૨૧૦૭ સુધી મુદત પુરી થતી ગ્રામ પંચાયતોમાં રૂવેલ, મૈડકોલ, અધગામ, આણંદપુરા, ચાંગા, કાકર, નેકોઈ, ઓઢા, શિરવાડા, સોહનપુરા, સુદ્રોસણ, ટોટાણા, ઝાલમોરનો સમાવેશ થાય છે. જેમાં ૧૧૪ વોર્ડ સભ્યો અને ૧૩ સરપંચ ઉમેદવારો મેદાને ઉતરશે. જેમાં સરપંચ ઉમેદવારોમાં અનુસૂચિત જાતી સ્ત્રી-૨ સા.શૈ. પછાતવર્ગ-૧, સામાન્ય સ્ત્રી-૮ અને બિન અનામત/સામાન્ય ૨ એમ કુલ ૧૩ સરપંચ ઉમેદવારો આ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં ઝંપલાવશે. જેમાં ૧૪-૩-૧૭ના રોજ ચૂંટણીની જાહેરાત કરાતા મતદારો અને ઉમેદવારોમાં હલચલ શરૂ થઈ ગઈ છે. ત્યારે હવે તા. ૧૮-૩-૨૦૧૭ના રોજ ચૂંટણીની નોટીસો/ જાહેરનામા પ્રસિદ્ધ કરી ચૂંટણી અધિકારીઓને જવાબદારી સોંપાશે. જ્યારે તારીખ ૨૩-૩-૨૦૧૭ના રોજ ઉમેદવારી પત્રો રજુ કરાવની છેલ્લી તારીખ આપવામાં આવી છે અને તા. ૨૪-૩-૨૦૧૭ના રોજ ઉમેદવારી પત્રોની ચકાસણી કરાશે. જેમાં તા. ૨૫-૩-૨૦૧૭ના રોજ ઉમેદવારી પત્રો પરત ખેંચવાની તારીખ નક્કિ કરવામાં આવી છે. જ્યારે મતદાનની તારીખ ૮-૪-૨૦૧૭ સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી મતદારો મતદાન કરશે તેમજ જરૂર જણાય તો પુનઃ મતદાન તા. ૧૦-૪-૨૦૧૭ રાખવામાં આવી છે. અને મતગણતરી તા. ૧૧-૪-૨૦૧૭ના રોજ મત ગણતરી હાથ ધરાશે અને તા. ૧૪-૩-૨૦૧૭થી ગ્રામ પંચાયતોની ચૂંટણીને ધ્યાને લઈ આદર્શ ચૂંટણી આચાર સંહિતા અમલમાં મુકવામાં આવી છે. ચૂંટણી અધિકારી અને ચૂંટણી આયોગ દ્વારા ચૂંટણી લડતા ઉમેદવારે ઉમેદવારી પત્ર સાથે પોતાનો ગુન્હાહિત ઈતિહાસ, શૈક્ષણિક લાયકાત, મિલકત અને દેવા બાબતનુ એકરાર નામુ ચૂંટણી અધિકારી સમક્ષ રજુ કરવાનુ રહેશે એવુ કાંકરેજની મામલતદાર કચેરીના સુત્રોએ જણાવ્યુ છે. જો કે આ વખતે ૨૬ ગ્રા.પં.ની સામાન્ય ચૂંટણીમાં ગ્રામ પંચાયતોને સમરસ કરવા રાજકિય આગેવાનોએ દોડધામ શરૂ કરી દીધી છે. જેમાં કાંકરેજ તાલુકાની શીરવાડા ગ્રામ પંચાયતની ચૂંટણી ઉપર સમગ્ર તાલુકાની નજર રહેશે.

### રાજયભરમાં સાત નવા પુસ્તકાલયો શરૂ કરાશે

ગાંધીનગર, તા.૧૭

રાજયમાં છોટાઉદેપુર, મોડાસા, લુણાવાડા, બોટાદ, વેરાવળ, ડીસા અને દાંતા ખાતે નવા પુસ્તકાલયો શરૂ કરાશે. દેવભૂમિ દ્વારકા અને મોરબીના પુસ્તકાલયોને અપગ્રેડ કરાશે. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ રાજયમંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૧૨૨ સરકારી ગ્રંથાલયો અને ૩૧૭૦ જેટલા અનુદાનિત ગ્રંથાલયો કાર્યરત છે. આ તમામ અનુદાનિત ગ્રંથાલયોને હાલ મળતા વાર્ષિક અનુદાનમાં રાજય સરકારે ૫૦ ટકાનો વધારો કર્યો છે.



# કાંકરેજ તાલુકા પંચાયતમાં ૧૧ માસના કરાર પર નોકરી કરતા ૩ ટીએલઈ અને ૧ એમપીએસ હડતાલ પર

કાંકરેજ તાલુકામાં સમાનકામ સમાન વેતન અને જોબ સિક્યુરીટીને લાગુ કરાવવા માટે તા. ૧૭-૩-૨૦૧૭ના રોજ ૩ ટી.એલ.ઈ. અને ૧ એમ.પી.એસ. દ્વારા તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવી કરાર આધારિત તમામ કર્મચારી તેમને આઉટસોર્સ કર્મચારી અને રોજમદાર કર્મચારી છેલ્લા ઘણા સમયથી રાજ્ય સરકારની અલગ અલગ યોજના અંતર્ગત જવાબદારીપૂર્વક ફરજ બજાવતા હોઈ તેઓ ફાઈટ ફોર રાઈટના યુનિયન સાથે જોડાઈને કર્મચારીના હિતમાં નીતી અપનાવી ઘટતુ કરવા જણાવ્યુ હતુ અને તા. ૧૭-૩-૨૦૧૭થી અનિશ્ચિત કાળની મુદત હડતાળ ઉપર ઉતરી આવ્યા છે. આમ સરકાર સામે કરાર આધારિત કર્મચારીઓ ન્યાયની માંગ કરી રહ્યા છે.

# મોડાસામાં રાષ્ટ્રીય ભોઈ સમાજ ક્રાંતિદળનું પ્રથમ અધિવેશન રવિવારે યોજાશે

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં રાષ્ટ્રીય ભોઈ સમાજ ક્રાંતિદળના અધ્યક્ષ ભાવસાહેબ બાવેનજી (મહારાષ્ટ્ર)ના ઉપસ્થિતીમાં રવિવારે યોજાશે. અરવલ્લી જિલ્લો ભોઈ સમાજ દ્વારા રાષ્ટ્રીય ભોઈ સમાજ ક્રાંતિદળના પ્રથમ અધિવેશન માટે તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

ભોઈ સમાજનુ રાષ્ટ્રીય સંગઠન ચાલી રહેલ છે. જેમાં મોટી સંખ્યામાં ભોઈ સમાજના લોકો સમાજના વિકાસ માટે જોડાઈ રહ્યા છે. ગુજરાત રાજ્યમાં ભોઈ સમાજનું સંગઠન મજબૂત બનાવવા ૧૯મી માર્ચે રવિવારના રોજ અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના ડિપ વિસ્તારમાં આવેલા વલ્લભસદન હોલમાં યોજાશે. જેમાં મોટી સંખ્યામાં ભોઈ સમાજના અગ્રણીઓ હાજર રહી સમાજના વિકાસની ચર્ચા-વિચારણા કરવામાં આવશે અને સમાજના યુવાનો માટે વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવશે.

આ અધિવેશનમાં રાષ્ટ્રીય ભોઈ સમાજના અધ્યક્ષ ભાઈ સાહેબ બાવને તેમજ તેમની ભોઈ સમાજ ક્રાંતિદળ ગુજરાતની ટીમના પ્રદેશ અધ્યક્ષ પ્રવિણભાઈ ભોઈ સહિત યુવા મોરચા અધ્યક્ષ અને મહિલા મોરચાના અધ્યક્ષ સહિત ગુજરાત રાજ્યમાંથી મોટી સંખ્યામાં ભોઈ સમાજના અગ્રણીઓ અને યુવાનો સહિત મહિલાઓ ઉપસ્થિત રહેશે. અરવલ્લી જિલ્લાના ભોઈ સમાજના અગ્રણી જયેશભાઈ ભોઈના જણાવ્યા અનુસાર રવિવારે યોજાનાર રાષ્ટ્રીય અધિવેશનની તમામ તૈયારીઓ પૂર્ણ થવાના આરે છે. તદ્ઉપરાંત ઉત્તર ગુજરાત સહિત અરવલ્લી જિલ્લામાં ભોઈ સમાજનુ સંગઠન મજબૂત બનાવવા અને સમાજના લોકોને પડતી તકલીફોને વાચા આપવા અને સમાજના યુવાનોને શિક્ષિત બનાવવાના ઉમદા હેતુથી અધિવેશન યોજવામાં આવ્યું છે.





# જુના ખલીકપુર પ્રા. શાળામાં ગેસ સિલીન્ડર લીકેજ થતાં આગ

મોડાસા તાલુકાના જુના ખલીકપુરા પ્રા. શાળામાં મધ્યાહન ભોજન રૂમમાં રસોઈ બનાવાની કામગીરી ચાલુ હતી ત્યાં જ અચાનક ગેસ લીકેજ થતાં આગ લાગી હતી. આગ વિકરાળ સ્વરૂપ પકડે તે પહેલા જ ફાયરબ્રિગેડને જાણ કરતા ફાયરબ્રિગેડ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી આગને કાબુ કરી હતી. સદનસીબે કોઈ મોટી જાનહાની થઈ નહોતી પરંતુ રૂમના તળીયુ, દૂધના બે કેરેટ, તપેલા તેમજ સગડાને નુકશાન થયુ હતુ. ચાલુ શાળાએ આગ લાગતા શાળામાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.

# અરવલ્લી જિલ્લાની નગરપાલિકામાં ૧૬ કરોડના ખર્ચે ૬૭ કામો મંજૂર

અરવલ્લી, તા. ૧૭

શહેરી વિકાસ રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યુ છે કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સક્ષમ બનાવવા તથા માળખાગત સવલતોના નિર્માણમાં વધારો કરવાના ઉદ્દેશથી વર્ષ ૨૦૦૯થી શરૂ કરેલ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના આશિર્વાદરૂપ પુરવાર થઈ રહી છે.

વિધાનસભા ખાતે અરવલ્લી જિલ્લાની નગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ અંગેના પ્રશ્નના પ્રત્યુતરમાં મંત્રી ચૌધરીએ ઉમેર્યું કે આ યોજના હેઠળ ગટર, પાણી, રસ્તાઓ સહિતની વિવિધ સુવિધાઓ નગરપાલિકાઓમાં ઉભી કરવામાં આવે છે. અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં રૂ. ૧૬.૪૪ કરોડની ગ્રાન્ટ ફાળવાઈ છે. જેમાંથી ૬૭ કામો મંજૂર કરાયા છે અને ૨૨ કામો પૂર્ણ થયા છે. બાકીના કામો પ્રગતિ હેઠળ છે. બાયડ નગરપાલિકામાં માળખાગત સવલતો માટે છેલ્લા બે વર્ષમાં રૂ. ૪,૫૯૪ લાખ અને મોડાસા નગરપાલિકામાં પણ રૂ. ૧,૨૩૯ લાખ ફાળવાયા છે. જેમાં રસ્તા, એલઈડી લાઈટ, સીસીટીવી કેમેરા, રીસર્ફેશીંગ પાર્કની સુવિધા ઉપલબ્ધ બનાવાઈ છે.

નગરપાલિકાના વિકાસ કામોના પ્રશ્ન અંગે સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્યોની ઉપસ્થિતિ તથા તેના પ્રશ્નો સમાવાતા નથી એવા એક પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીએ ઉમેર્યુ કે મ્યુનિસિપલ એક્ટ અંતર્ગત નગરપાલિકાઓ એ સ્વાયત્ત સંસ્થાઓ છે. જેમાં ધારાસભ્યની ઉપસ્થિતિ સંકલન બેઠક માટેના ધોરણો નથી એટલે બોલાવાતા નથી તેમજ પ્રશ્નો પણ નગરપાલિકાઓ જાતે જ નિરાકરણ કરવાની સત્તા હોઈ પ્રશ્ન પુછી શકાતા નથી એજ રીતે જિલ્લા સંકલન સમિતિની બેઠક પણ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને હોય છે જેનુ મુખ્ય કામ વિવિધ વિભાગોનું સંકલન કરવાનુ છે તેમાં પણ નગરપાલિકાના વિકાસ કામો અંગેના પ્રશ્નો પુછી શકાતા નથી.

### સેટેલાઈટમાં શરાબની પાર્ટી પર દરોડા

અમદાવાદ શહેરના અતિ પોશ ગણાતા સેટેલાઈટ વિસ્તારમાં પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડીને પ્રતિષ્ઠિ સેપ્ટ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સહિત ૧૪ને પકડી પાડતા ભારે સનસનાટી મચી ગઈ છે. બાતમીના આધાર ઉપર પોલીસ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી. દરોડા પાડવામાં આવ્યા ત્યારે દારૂની મહેફિલ ચાલી રહી હતી અને તમામ વિદ્યાર્થીઓ નશાની હાલતમાં હતા. વહેલી પરોઢે ૨.૩૦ વાગે દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઝડપાયેલાઓમાં પાંચ યુવતીઓને પણ સમાવેશ થાય છે.

# ગણપત યુનિવર્સિટી દ્વારા બે દિવસના રાષ્ટ્રીય કક્ષાના ટેકનિકલ સિમ્પોઝિયમ 'કન્વર્ઝન્સ : ૨૦૧૭'નું આયોજન

ગણપત વિદ્યાનગર, તા. ૧૭

ગણપત યુનિવર્સિટીની યુ.વી. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ દ્વારા તાજેતરમાં બે દિવસીય રાષ્ટ્રીયકક્ષાના એક ટેકનિકલ સિમ્પોઝિયમ 'કન્વર્ઝન્સ-૨૦૧૭'નું આયોજન કરવામાં આવ્યું હતું.

દેશભરના એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓમાં પોતાની આગવી શોધ-ખોળ અને પ્રતિભાની અભિવ્યક્તિ માટે ખ્યાતિ પામેલા આ સિમ્પોઝિયમનું વર્ષ ૨૦૦૨ થી આરંભીને આજ સુધી દર વર્ષે નિયમિત રીતે આ યુ.વી.પીસી. એન્જિ. કોલેજ દ્વારા કરવામાં આવે છે.

આ વર્ષે પણ આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતની ૪૩ એન્જિ. કોલેજના ૮૦૦ સહિત કુલ ૧૬૦૦ ભાવિ એન્જિનિયર્સે ૫૬ પ્રકારની અલગ અલગ ટેકનિકલ સ્પર્ધાઓમાં સહભાગી થઈ આયોજનને ભારે મોટી સફળતા અપાવી હતી.

ભારે દબદબાભેર આરંભાયેલા આ કન્વર્ઝન્સ સિમ્પોઝિયમના ઉદ્ઘાટન સમારંભમાં અતિથિ વિશેષ તરીકે મહેસાણા ઓએનજીસીના જીજીએમ વી.વી. મિશ્રાજી, ગિફ્ટસિટિના વાઈસ પ્રેસિડેન્ટ (એસ.આર.) ભાવેશ કારિયા, ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ અનિલભાઈ પટેલ, ડાયરેક્ટર જનરલ ડૉ. મહેન્દ્ર શર્મા સહિત અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ.

બે દિવસીય આ ટેકનિકલ સિમ્પોઝિયમમાં એન્જિનિયરિંગની વિવિધ શાખાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વર્કશોપ, એક્ષપર્ટ લેકચર્સ, ક્વિઝ, યુથ પાર્લામેન્ટ, રોબોટિક્સ અને બોટ રેસિંગ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રોબોટિક્સ અને બોટ રેસિંગ સ્પર્ધાઓએ ભારે જબરજસ્ત આકર્ષણ જમાવ્યુ હતુ.

યુ.વી. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગના પ્રિન્સિપાલ કિરણ પટેલ, યુનિ.ના રજિસ્ટ્રાર અમિત પટેલ અને 'કન્વર્ઝન્સ-૨૦૧૭'ના મુખ્ય કન્વિનર ડૉ. પ્રો. આનંદ મંકોડિયા સહિત અનેક પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓએ આ સમગ્ર આયોજનને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.